‘કેમિકલ માફિયા’ બેફામ

GPCB અને પાલિકા તંત્ર ઘોર નિંદ્રા

તંત્રની રહેમનજર હેઠળ વડોદરાની આસપાસની નદીઓ બની રહી છે ‘ગટર’, ગ્રામજનોના સ્વાસ્થ્ય સાથે ‘ગંભીર ચેડા’

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેર અને આસપાસની નદીઓમાં કેમિકલ માફિયાઓનો આતંક વધી રહ્યો હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. શહેરના જામવા બ્રિજ નીચેથી પસાર થતી નદીમાં અજાણ્યા શખ્સો દ્વારા ઝેરી કેમિકલ ઠાલવવામાં આવતા પાણીમાં સફેદ ફીણના થર અને ઓઈલ જેવો પડ જોવા મળ્યો છે. જેના કારણે પર્યાવરણ સાથે સાથે આસપાસના ગ્રામજનોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ ગત રાત્રિથી વહેલી સવાર દરમિયાન અંદાજે 6 જેટલા કેમિકલ ભરેલા ટેન્કરો દ્વારા નદીમાં ઝેરી વેસ્ટ છોડવામાં આવ્યો હતો. છતાં આ ગંભીર ઘટના છતાં તંત્ર દ્વારા કોઈ તાત્કાલિક કાર્યવાહી ન થતાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

નદીમાં ઠાલવાયેલા ઝેરી કેમિકલની અસર આસપાસના ગામોમાં રહેતા લોકો સુધી પહોંચી રહી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ હવામાં ફેલાતા કેમિકલના કારણે આંખોમાં બળતરા, શરીર પર ખંજવાળ અને ચામડીના રોગ જેવી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. પાણીમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાતા સ્થાનિકો માટે દૈનિક જીવન મુશ્કેલ બન્યું છે.

મગર સહિત જળચર પ્રાણીઓ પર ખતરો, CCTV તપાસની માંગ ઉઠી છે. વિશ્વામિત્રી અને તેની સહાયક નદીઓ મગરો સહિત અનેક જળચર પ્રાણીઓનું કુદરતી નિવાસસ્થાન માનવામાં આવે છે. પાણીમાં કેમિકલ ભળવાથી

ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતા મગર, કાચબા અને દેડકા જેવા પ્રાણીઓના જીવન પર જોખમ ઊભું થયું છે. અગાઉ પણ આવા બનાવોમાં જળચરોના મોત થયા હોવાના બનાવો સામે આવ્યા છે.સ્થાનિક ગ્રામજનોએ પાલિકા અને પ્રદૂષણ નિયંત્રણ તંત્રને તાત્કાલિક CCTV ફૂટેજ તપાસી જવાબદાર કેમિકલ માફિયાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

છાણી પોલીસે 16 આરોપીઓને સાથે રાખી રી-કન્સ્ટ્રક્શન

પદમલામાં પથ્થરમારાનું આરોપીઓને સાથે રાખી રિ-કન્સ્ટ્રક્શન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા જિલ્લાના પદમલા ગામે બાઈક ઓવરટેક કરવાની સામાન્ય બાબતને લઈ બે જૂથ વચ્ચે થયેલા ઝઘડાએ ગંભીર રૂપ ધારણ કરતાં પથ્થરમારાની ઘટના સર્જાઈ હતી. આ મામલે છાણી પોલીસે ઝડપી કાર્યવાહી કરીને 27 આરોપીઓ સામે ગુનો નોંધ્યો હતો અને તેમાંના 16 આરોપીઓને ઝડપી પાડી ઘટનાનું સ્થળ પર રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

ઉલ્લેખનિય છે કે, રાત્રિના સમયે હાથાપાઈ, મારામારી અને ભારે પથ્થરમારો થતાં સમગ્ર વિસ્તારમાં તણાવનું વાતાવરણ સર્જાયું હતું.ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને છાણી પોલીસ સ્ટેશનમાં બંને પક્ષો સામે અલગ અલગ ગુનાઓ નોંધવામાં આવ્યા હતા, જેમાં કુલ 27 આરોપીઓને સામેલ કરવામાં આવ્યા છે. પોલીસે CCTV ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઝડપી તપાસ કરીને 16 આરોપીઓને પકડી પાડ્યા હતા. ત્યારબાદ આરોપીઓને સાથે રાખીને પદમલા ગામે લઈ જઈ સમગ્ર ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.ઘટના બાદ ગામમાં ભયનો માહોલ સર્જાતા કાયદો-વ્યવસ્થા જાળવવા માટે વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

ઝઘડો પથ્થરમારામાં ફેરવાયો

શહેર નજીક પદમલા ગામે રહેતા રાકેશ અને પૃથ્વી વચ્ચે બાઈક ઓવરટેક કરવા મુદ્દે પહેલા બોલાચાલી થઈ હતી. ત્યારબાદ 30 માર્ચે ફરી એ જ મુદ્દે બંને વચ્ચે વિવાદ વધતા બંને પક્ષના લોકો સામસામે આવી ગયા હતા.

1.10 લાખ લોકો ઉત્તિર્ણ થયા

લોકરક્ષક કેડરની શારીરિક કસોટીના પરિણામ જાહેર

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

ગુજરાત રાજ્યમાં લોકરક્ષક ભરતી પ્રક્રિયામાં મહત્વનો તબક્કો પૂર્ણ થયો છે. લોકરક્ષક કેડરની શારીરિક કસોટી પૂર્ણ થતાં તેનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. તા. 21 જાન્યુઆરી, 2026થી રાજ્યના 15 કેન્દ્રો પર યોજાયેલી શારીરિક કસોટી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ઉમેદવારો હવે પોતાનું પરિણામ ઓનલાઇન જોઈ શકે છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ વિભાગના વર્ગ-3 સંવર્ગ હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ (LRD) કેડરની કુલ 13,591 જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં LRDની શારીરિક કસોટી માટે 10 લાખ લોકોએ દોડમાં ભાગ લીધો હતો, જેમાંથી 1.10 લાખ લોકો ઉત્તિર્ણ થયા હતા. ભરતી બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન અનુસાર, શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા પુરુષ, મહિલા તેમજ માજી સૈનિક ઉમેદવારો માટે અલગ-અલગ લિંક દ્વારા વિગત ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા માટે RFID Lap Data અને CCTV કેમેરા દ્વારા દરેક તબક્કાની ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ શારીરિક માપ કસોટી દરમિયાન ઊંચાઈ અને અન્ય માપદંડોની પણ વિગતવાર તપાસ કરવામાં આવી હતી. ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ ઉમેદવાર તરફથી ગેરરીતિ કે ખોટી માહિતી સામે આવશે તો તેની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે. ઉપરાંત, સરકાર કે ન્યાયાલયના કોઈ પણ નવા આદેશો લાગુ પડશે તો તે તમામ ઉમેદવારો માટે બાધ્ય રહેશે. લોકરક્ષક ભરતીમાં સફળ થયેલા ઉમેદવારો માટે લેખિત પરીક્ષા તા. 14 જૂન, 2026 (રવિવાર) ના રોજ યોજાશે.

યુવતી પર ચાકુથી હુમલો કરનાર આરોપીને ત્રણ વર્ષની સજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

વડોદરા શહેરના હાથીખાના વિસ્તારમાં રહેતા ગની ઉર્ફે થમસબ ઉસ્માન શેખ દ્વારા વર્ષ 2017માં ગંભીર પ્રકારનો ગુનો કરવામાં આવ્યો હતો. ફતેગંજ સર્કલ પાસે આવેલી એનસીસી ઓફિસ સામે, એમ.એસ. યુનિવર્સિટીના એમએસડબલ્યુ વિભાગની બહાર રોડ પર ઉભેલી એક યુવતી પાસે આરોપી દોડી આવ્યો હતો. આરોપીએ યુવતીને “મારી સાથે લગ્ન નહીં કરે તો જાનથી મારી નાખીશ” તેવી ધમકી આપી હતી. બાદમાં ગુસ્સે ભરાયેલા આરોપીએ ચાકુ વડે યુવતીના જમણા પગના ઘૂંટણ પાસે અને ડાબા પગના જાંઘના ભાગે હુમલો કરી ઈજા પહોંચાડી હતી અને ઘટના બાદ ફરાર થઈ ગયો હતો. બંને પક્ષોના વકીલોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી ગની શેખને દોષિત ઠેરવી તેને ત્રણ વર્ષની સજા ફટકારી છે.

બેદરકારી દાખવનાર સામે દંડનીય કાર્યવાહીની ચીમકી

વાઘોડિયા રોડ હવે થશે ગંદકીમુક્ત, મહા-સફાઈ અભિયાનના શ્રીગણેશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેર અને વાઘોડિયા તાલુકાને જોડતો મુખ્ય માર્ગ આગામી દિવસોમાં ગંદકીમુક્ત અને નયનરમ્ય બનવા જઈ રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી અરૂણ મહેશ બાબુ (IAS) ના અધ્યક્ષ સ્થાને આજે એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી, જેમાં વડોદરા-વાઘોડિયા રોડ પરની ગંદકીની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માટે ‘સામૂહિક સફાઈ અભિયાન’ હાથ ધરવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે. પાલિકાની મુખ્ય કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં વહીવટી તંત્રના વિવિધ પાંખના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં, જિલ્લા વિકાસ અધિકારી (DDO), વુડા (VUDA) ના CEO, વાઘોડિયા નગરપાલિકાના અધિકારીઓ, વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો અને તલાટીઓ જોડાયા હતા. બેઠકમાં કમિશનરએ સ્પષ્ટ કર્યું હતું કે, આ માર્ગ પર સ્વચ્છતા જાળવવી એ કોઈ એક વિભાગની નહીં પરંતુ તમામ સંસ્થાઓની સંયુક્ત જવાબદારી છે. માર્ગ પર જે સ્થળોએ વારંવાર કચરો ઠલવાય છે તેવા ‘બ્લેક સ્પોટ્સ’ તાત્કાલિક ઓળખી કાઢી ત્યાં કાયમી સફાઈની વ્યવસ્થા કરવી. જાહેરમાં ગંદકી ફેલાવતા એકમો, વ્યાપારી સંસ્થાઓ કે વ્યક્તિઓ સામે આકરી દંડનીય કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. માત્ર સરકારી તંત્ર નહીં, પણ વિસ્તારની શૈક્ષણિક, સામાજિક અને ઔદ્યોગિક સંસ્થાઓને આ અભિયાનમાં જોડીને લોકભાગીદારી વધારવામાં આવશે. ગ્રામ પંચાયતો અને નગરપાલિકાને સફાઈ કામગીરીમાં પડતી મુશ્કેલીઓ નિવારવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા તમામ જરૂરી ટેકનિકલ અને વ્યવસ્થાપકીય મદદ પૂરી પાડવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનરએ આ બેઠકમાં ભાવુક અપીલ કરતા જણાવ્યું હતું કે, “સ્વચ્છતા એ માત્ર વહીવટી પ્રક્રિયા નથી, પણ નાગરિકોની પણ સામૂહિક જવાબદારી છે.” તેમણે તમામ અધિકારીઓને આ કાર્યમાં કટિબદ્ધ થવા આહવાન કર્યું હતું અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તમામ વિભાગોના સંકલનથી વડોદરા-વાઘોડિયા રોડ ટૂંક સમયમાં જ મોડેલ રોડ તરીકે ઉભરી આવશે. આગામી દિવસોમાં આ માર્ગ પર માર્ગ-મકાન વિભાગ, વુડા અને સ્થાનિક પંચાયતોના સંયુક્ત ઉપક્રમે મોટા પાયે સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

સહીસલામત વનવિભાગને સોંપવામાં આવ્યો

વિરોદ ગામે ઘર પાસે મગર આવી જતા લોકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

દેણા ચોકડી પાસે આવેલા વિરોદ ગામે એક ખેતર પાસે ઘર નજીક મગર આવી જતા રહીશોમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગેની જાણ કરવામાં આવતા ખાનગી સંસ્થાના રેસ્ક્યુઅર ઘટના સ્થળે પહોંચ્યા હતા. આશરે સાડા પાંચ ફૂટના મગરને રેસ્ક્યુ કરી સહીસલામત વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. વડોદરામાં સતત બીજા દિવસે રહેણાંક વિસ્તારમાં મગર આવી ગયો હોવાની ઘટના બની હતી. વન્યજીવો માટે કાર્યરત શહેરની ખાનગી સંસ્થાના સંચાલક યશ તડવીએ જણાવ્યું હતું કે, અમારા હેલ્પલાઈન નંબર ઉપર વિરોદ ગામ દેણા ચોકડી પાસે આવેલું છે. ત્યાંથી એક કોલ મળ્યો હતો કે, એક મગર ખેતર નજીક ઘર પાસે આવી ગયો છે, તેની જાણ થતા સંસ્થાના કાર્યકર વિશાલ પટેલ,રોહન વસાવા, આયુષ મિશ્રા, વરૂણ દીક્ષિતભાઈ રેસ્ક્યુઅર સ્થળ ઉપર પહોંચ્યા હતા. જ્યાં તપાસ કરતા આશરે

સાડા પાંચ ફૂટનો એક મગર ઘર નજીક આવી ગયો હતો. ત્યાર, બાદ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં નીતિન પટેલને જાણ કર્યા બાદ તે મગરને ગામના લોકોના સાથ સહકારથી સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

મોપેડ પર આવેલી ત્રિપૂટી મોબાઇલ પણ છીનવી ભાગી ગઇ

તાંદલજામાં વેપારીને ચાકુ બતાવી ત્રિપુટીએ રૂા.3.50 લાખ લૂંટ્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં બુધવારે સાંજના સમયે વેપારી સાથે બનેલી લૂંટની ઘટનાએ ભયનો માહોલ સર્જ્યો હતો. મોપેડ પર આવેલા ત્રણ અજાણ્યા લૂંટારૂઓ ચપ્પુ બતાવી ધમકી આપી વેપારી પાસેથી રૂ. 3.50 લાખથી વધુની રકમ અને મોબાઈલ લૂંટી ફરાર થઈ ગયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે લૂંટારૂઓની શોધખોળ શરૂ કરી છે.

તાંદલજા વિસ્તારમાં રહેતા હુસૈન કાઈદભાઈ સાહેરવાલા (ઉ.વ.27) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ સાહેરી પ્લાય સેન્ટર નામે દુકાન ધરાવે કરે છે. તેઓ દુકાનનું દૈનિક કલેક્શન લઈને એક્ટીવા પર ઘરે જઈ રહ્યા હતા. ત્યારે સાંજે આશરે 6:30 વાગ્યાના અરસામાં કિસ્મત ચોકડીથી મહારાજા ચાર રસ્તા વચ્ચે દેવદાસ ફાર્મ પાસે

પહોંચતા પાછળથી વાદળી રંગની મોપેડ પર આવેલા ત્રણ શખ્સોએ તેમની એક્ટીવાને રોકી હતી.મોપેડ ચાલકે ચાલતી એક્ટીવા પર પગ મૂકી વાહન અટકાવ્યું અને ચાવી કાઢી લીધી હતી. ત્યારબાદ એક શખ્સ નીચે ઉતરી ચપ્પુ બતાવી “ડેકી ખોલ અને પૈસા આપી દે” કહી ધમકી આપી હતી. ડરી ગયેલા વેપારીએ એક્ટીવા સાઈડમાં મૂકી દીધી હતી.

લૂંટારૂઓએ ડેકી ખોલીને તેમાં મુકેલા રૂ. 3.50 લાખ રોકડ લઈને સાથે જ વેપારી પાસેથી મોબાઈલ પણ છીનવી લીધો હતો. ઘટના બાદ ત્રણેય આરોપીઓ મોપેડ પર ફરાર થઈ ગયા હતા. બાદમાં વેપારીએ આસપાસના લોકોને જાણ કરી પરિવારજનોને બોલાવી પોલીસનો સંપર્ક કર્યો હતો. જેથી પોલીસે લૂંટનો ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજના આધારે ત્રિપુટીની શોધખોળ શરૂ કરી છે.

ઉલ્લેખનિય છેકે, તાંદલજા જેવા ભરચક વિસ્તારમાં લૂંટારૂઓ દ્વારા ઘટનાને અંજામ આપવામાં આવતાં શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલો ઊભા થયા છે અને વેપારીઓમાં ફફડાટનો માહોલ છે.

આરોપીને બાળ રિમાન્ડ હોમમાં મોકલી આપ્યો

માંજલપુર વિસ્તારમાં કિશોરના બાળકી સાથે શારીરિક અડપલા

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા સગીર આરોપીએ 10 વર્ષની બાળકી સાથે શારીરિકલા કર્યા હતા. ત્યારબાદ વગેરે બાળકીની આબરૂ લેવા માટેનો પણ પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરાયો હતો. ગભરાયેલી બાળકી એ પરિવારને જાણ કરતા માતાએ ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે સગીર આરોપીની ધરપકડ કરી બાર ડિમાન્ડ ફોર્મ માં મોકલી આપ્યો છે. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં સગીર વયની બાળકીઓ સાથે વારંવાર શારીરિક છેડછાડ અને દુષ્કર્મ સહિતના બનાવો બનતા રહેતા હોય છે ત્યારે માંજલપુર વિસ્તારમાં સગીર બાળકી સાથે અડપલા કરવામાં આવ્યા હોય તેવી ઘટના પ્રકાશમાં આવી છે. માંજલપુર વિસ્તારમાં રહેતી 10 વર્ષની સગીર દીકરીને તા. 29 માર્ચ 2026ના રોજ સવારે આશરે 11 વાગ્યે સગીર આરોપીએ પોતાના ઘરે એકલી બોલાવી હતી. ત્યારબાદ કિશોર દ્વારા સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા. ત્યારબાદ કિશોરે બાળકીની આબરૂ પર લેવા માટે નો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. ગભરાઈ ગયેલી સગીર દીકરીએ ઘરે જઈને પોતાની માતા સહિતના પરિવારને આ બાબતે જાણ કરી હતી. જેને લઈને પરિવારજનોમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને માતાએ તાત્કાલિક માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે સગીર આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમજ પોક્સો અધિનિયમ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરીને આગળની તપાસ હાથ ધરી છે.આરોપી સગીર હોય તેને બાળ રિમાન્ડ હોમમાં મોકલી આપવામાં આવ્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

ગરીબોના આવાસમાં લુખ્ખા તત્વોનો આતંક, બહેન-દીકરીઓની સુરક્ષા જોખમાઈ

ખિસકોલી સર્કલ પાસે ‘વુડા’ના આવાસ નર્ક સમાન બન્યા, 60% મકાનો ખાલી

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ખિસકોલી સર્કલ પાસે તંત્રની ઘોર બેદરકારીનો નમૂનો જોવા મળી રહ્યો છે. અહીં વુડા (VUDA) દ્વારા નિર્મિત ‘ગુલાબી મકાનો’ છેલ્લા 15 વર્ષથી શોભાના ગાંઠિયા સમાન સાબિત થયા છે. 60 ટકા જેટલા મકાનો ખાલી હોવાને કારણે આ જગ્યા હવે રહેણાંક વિસ્તાર મટીને અસામાજિક તત્વોનો અડ્ડો બની ગઈ છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અગાઉ તંત્ર દ્વારા આ મકાનોની સુરક્ષા માટે 10 જેટલા સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવાની મોટી-મોટી વાતો કરવામાં આવી હતી, જે અત્યારે માત્ર કાગળ પર જ હોય તેવું જણાય છે. ખાલી પડેલા જર્જરિત મકાનોમાં રાત્રિના

સમયે પીધેલી હાલતમાં લુખ્ખા તત્વો ધામા નાખે છે. રસ્તે પસાર થતી બહેન-દીકરીઓની છેડતી અને ઠઠ્ઠા-મશ્કરીના બનાવો સામાન્ય બન્યા છે. આવાસોની આસપાસની સ્થિતિ અત્યંત દયનીય છે. છેલ્લા એક દાયકાથી જાળવણીના અભાવે ગટરો ઉભરાઈ રહી છે. ચારેતરફ ગંદકી અને અસહ્ય દુર્ગંધને કારણે આ વિસ્તારમાંથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા સ્થાનિકોમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. લોકોનો આક્ષેપ છે કે તંત્રએ ગરીબોના ઝૂંપડા તો તોડી નાખ્યા, પણ તેમને આ પાકા મકાનો ફાળવવામાં વર્ષો વીતી ગયા છે. રહીશોનો સીધો પ્રહાર છે કે, ચૂંટણી ટાણે રાજકારણીઓ મગરના આંસુ સારવા આવે છે. વોટ લીધા પછી કોઈ નેતા ડોકાવા પણ આવતા નથી. મકાનોની હાલત જર્જરિત થઈ રહી છે, છતાં ફાળવણીમાં વિલંબ કેમ ? જો આગામી દિવસોમાં વુડા અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો સ્થાનિક રહીશોએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. હવે જોવાનું એ રહે છે કે સત્તાધીશો આ ‘ગુલાબી મકાનો’ની કાળી વાસ્તવિકતા બદલવા માટે ક્યારે જાગશે.

અદભૂત સમન્વય હેતલ કેલાસમાજમાં સંસ્કૃતિ, સંસ્કાર અને એકતાની ભાવના પ્રસરાવવાનું એક મજબૂત માધ્યમ બની રહ્યું છે

હેતલ કેલાએ રચ્યો સંસ્કૃતિનો દિવ્ય ઉત્સવ : 150થી વધુ મહિલા સાથે રામનવમી ઉજવણી યાદગાર બનાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

સંગીત અને નૃત્યની દુનિયામાં ત્રણ દાયકાથી વધુ સમયથી સક્રિય રહેલી હેતલ આર. કેલાએ ફરી એકવાર પોતાની કલાત્મકતા અને સંસ્કૃતિ પ્રત્યેની લાગણીનો અનોખો પરિચય આપ્યો છે. નર્તન ડાન્સ ક્લાસની સ્થાપક તરીકે તેમણે માત્ર કલા શીખવવાનો જ નહીં, પરંતુ સંસ્કાર અને સંવેદનાનો વારસો જીવંત રાખવાનો પણ મહત્વપૂર્ણ પ્રયાસ કર્યો છે. રામનવમીના પવિત્ર અવસરે વર્ષ 2026માં હેતલ કેલાના માર્ગદર્શન હેઠળ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 150થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ માત્ર એક પ્રસ્તુતિ નહોતો, પરંતુ ભક્તિ, એકતા અને સ્ત્રી શક્તિનું જીવંત પ્રતિબિંબ બની રહ્યો હતો.હેતલ કેલાની આગેવાનીમાં તૈયાર થયેલા આ કાર્યક્રમમાં દરેક પ્રસ્તુતિમાં ભાવના અને શ્રદ્ધાનો અદભૂત સમન્વય જોવા મળ્યો. નૃત્યના દરેક પગલામાં રામભક્તિનો રંગ અને

સંગીતના દરેક સ્વરમાં આધ્યાત્મિક ઊર્જાનો અનુભવ થયો. દર્શકો માટે આ એક યાદગાર અને ભાવવિભોર કરી દે તેવી ક્ષણ બની રહી. હેતલ કેલાએ પોતાની કારકિર્દીમાં હજારો દાંડીયા રાસ પ્રસ્તુતિઓ આપી છે અને ગુજરાતી લોકસંગીતને જીવંત રાખવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના દ્વારા તાલીમ મેળવેલ અનેક વિદ્યાર્થીઓ આજે વિવિધ મંચો પર પોતાની પ્રતિભા દર્શાવી રહ્યા છે. ડિજિટલ યુગમાં પણ તેઓ પાછળ રહ્યા નથી. તેમના યુટ્યુબ માધ્યમ દ્વારા હજારો લોકો સુધી સંગીત અને નૃત્યનો સંદેશ પહોંચાડી રહ્યા છે. ખાસ કરીને મહિલાઓને સશક્ત બનાવવાનો તેમનો પ્રયાસ પ્રેરણાદાયક છે. હેતલ કેલાનું આ યોગદાન માત્ર કલા સુધી મર્યાદિત નથી, પરંતુ તે સમાજમાં સંસ્કૃતિ, સંસ્કાર અને એકતાની ભાવના પ્રસરાવવાનું એક મજબૂત માધ્યમ બની રહ્યું છે. તેમની આ યાત્રા અનેક લોકો માટે પ્રેરણારૂપ છે અને આવનારી પેઢી માટે માર્ગદર્શક બની રહેશે.

હત્યા કેસના આરોપીની જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

વડોદરા શહેરના મંગળ બજાર વિસ્તારમાં રહેતા ચિરાગ અશોક પંડ્યા હત્યાના ગુનામાં વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહ્યો છે. ત્યારે આ આરોપીએ પોતાની તેમજ ડાબા હાથમાં ફ્રેક્ચર થયેલા પોતાના પુત્રની સંભાળ રાખવા માટે કામ ચલાઉ જામીનની માંગ કરી હતી. કોર્ટએ નોંધ્યું હતું કે આરોપીના પુત્રની સંભાળ માટે અન્ય પરિવારજનો ઉપલબ્ધ છે. અરજદારની પહેલી પત્ની કૃષ્ણાબેન સાથે છૂટાછેડા થઈ ચૂક્યા હોવાથી પુત્ર તેની સાથે રહે છે અને તેની સંભાળ માટે પૂરતી વ્યવસ્થા છે. આ ઉપરાંત, કેસ હાલ અંતિમ તબક્કામાં હોવાથી મોટાભાગના સાક્ષીઓની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. આવા સંજોગોમાં આરોપીને જામીન પર મુક્ત કરવાથી ન્યાય પ્રક્રિયામાં અવરોધ ઊભો થવાની અને ફરાર થવાની શક્યતા નકારી શકાય તેવી નથી. મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરાઇ છે.

ડ્રાઇવર અને ક્લીનરની ધરપકડ કરવામાં આવી

બોરસદથી માલેગાવના કતલખાને લઈ જવાતા 15 પશુઓનો બચાવ

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે પર આવેલા જામ્બુઆ બ્રિજ પાસે કતલખાને લઈ જવાતા 15 પશુઓને કપુરાઈ પોલીસે બચાવી લીધા છે. પોલીસે આ મામલે ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી છે, જ્યારે પશુઓ ભરી આપનાર અંકલેશ્વરના એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે. બોરસદ થી પશુઓ ભરીને મહારાષ્ટ્રના માલેગાવના કતલખાને લઈ જવાના હતા. ત્યારે પ્રાણી કૂરતા નિવારણ સંસ્થાના કાર્યકરોએ જામ્બુઆ બ્રિજ પાસે જ ટેમ્પો પકડ્યો હતો. પશુઓને દરજીપુરા પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

કપુરાઈ પોલીસ સ્ટેશનના કર્મચારી રાજેશ લખનરાવ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી જામ્બુઆ બ્રિજ નજીક એક

શંકાસ્પદ ટ્રક અંગે જાણ કરવામાં આવી હતી. જેના આધારે પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ટ્રકની તપાસ હાથ ધરી હતી. દરમિયાન અશોક લેલેન્ડ ટ્રકમાંથી 15 પશુઓને અત્યંત ખીચોખીચ અને ક્રૂરતાપૂર્વક ભરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે ટ્રકના ડ્રાઈવર ઈમરાનખાન કેસરખાન બલોચ (રહે. મહેસાણા) અને ક્લીનર હૈદરખાનને સ્થળ પરથી જ ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન પશુઓ ભરી આપનાર તરીકે અંકલેશ્વરના ગુલામનબી રસુલનું નામ ખુલ્યું હતું, જેને હાલ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે ટ્રક અને પશુઓ સહિત કુલ રૂ. 10 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે, જેમાં પશુઓની અંદાજિત કિંમત રૂ. 3 લાખ અને ટ્રકની કિંમત રૂ. 7 લાખ ગણવામાં આવી છે. બચાવાયેલા તમામ પશુઓને દરજીપુરા પાંજરાપોળ ખાતે સલામત રીતે મોકલી આપવામાં આવ્યા છે.

પશુઓને બોરસદથી ભરાવી મહારાષ્ટ્રના માલેગાંવ સ્થિત કતલખાને લઈ જવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન પ્રાણી કૂરતા નિવારણ સંસ્થાના કાર્યકરોની સતર્કતાથી ટ્રક જામ્બુઆ બ્રિજ પાસે જ અટકાવવામાં આવ્યો હતો. કપુરાઈ પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.